# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-01-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## કૃષિ રાહત પેકેજ – કચ્છ

**કૃષિ રાહત પેકેજ અંતર્ગત કચ્છ જિલ્લામાં 76 હજાર 877 ખેડૂતોને 244 કરોડની સહાય સીધી તેમના બેન્ક ખાતા દ્વારા ચૂકવાઈ છે.**

ગત સપ્ટેમ્બર તેમજ ઓક્ટોબર માસના અંતમાં પડેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોના મગફળી, કપાસ, કઠોળ તેમજ અન્ય તૈયાર ખરીફ પાકને નુકસાન થયું હતું. જેને પગલે રાજ્ય સરકાર દ્વારા કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જીલ્લામાં નુકસાનગ્રસ્ત ખેડૂતોની અરજીઓ વીસીઇ મારફતે મેળવવાની કામગીરી શરૂ કરાઈ હતી.

કચ્છમાં સપ્ટેમ્બરમાં પડેલા વરસાદ પૈકી કૃષિ રાહત પેકેજમાં અંજાર, ભચાઉ તેમજ રાપર તાલુકામાંથી 55,526 ખેડૂતે અરજી કરી હતી. આ ઉપરાંત, ઓક્ટોબરના અંતમાં પડેલા માવઠા અંતર્ગત સહાય મેળવવા અંજાર તેમજ ભચાઉ તાલુકામાંથી 22153 ખેડૂતે અરજી કરી હતી. બંને પેકેજમાં મળીને 77,679 ખેડૂતો દ્વારા અરજીઓ ખેતીવાડી વિભાગને પ્રાપ્ત થઈ હતી. જે પૈકી 76,877 અરજીઓની ચકાસણીની કામગીરી પૂર્ણ કરી ખેડૂતોના બેંક ખાતામાં ડીબીટી મારફતે કૂલ 244 કરોડ રૂપિયાની રકમ જમા કરવામાં આવી છે. જે ખેડૂતોના બેંક ખાતા આધારકાર્ડ સાથે લીંક કરવાના બાકી હોય તેઓને આધાર સીડિંગ કરાવવા માટે જિલ્લા ખેતીવાડી અધિકારી ભુજ-કચ્છ દ્વારા અનુરોધ કરાયો છે.

---------------------------------------------------------------------------------

## દિનદયાલ પોર્ટ

દીનદયાલ પોર્ટ ઓથોરિટીએ તેના ડિજિટલ ટ્રાન્સફોર્મેશનના પ્રવાસમાં એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. પોર્ટ દ્વારા એન્ટરપ્રાઇઝ બિઝનેસ સિસ્ટમ EBSના તમામ મોડ્યુલ્સ સાથે સંપૂર્ણપણે ‘લાઈવ’ થવાની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.

આધુનિક સિસ્ટમ લાગુ થવાથી પોર્ટની કામગીરીમાં ક્રાંતિકારી ફેરફારો આવશે તેવો આશાવાદ DPAના ચેરમેન સુશીલ કુમારસિંહે વ્યક્ત કર્યો હતો. આ પગલાથી પોર્ટ સંબંધિત વ્યવસાયિક ખર્ચમાં મોટો ઘટાડો થશે. સપ્લાય ચેઈનમાં વધુ પારદર્શિતા આવશે. તેમજ પોર્ટ વપરાશકર્તાઓ અને તમામ હિતધારકો માટે વ્યવસાય કરવાની પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનશે તેમ પોર્ટની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------------

## `વિશ્વ માલધારી વર્ષ'

પશુપાલનને વધુ પ્રોત્સાહિત કરવા ભારત સરકારના પ્રયાસો થકી સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા 2026નાં વર્ષને `વિશ્વ માલધારી વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યુ છે. આ જાહેરાતને રાષ્ટ્રીય યુવા માલધારી સંગઠને બિરદાવી છે. સંગઠનના મંત્રી ઇમરાનખાન મુતવાએ ભારત સરકારની ભૂમિકાની સરાહના કરી આભાર વ્યક્ત કર્યો હતો.

---------------------------------------------------------------------------------------------

## અરજદારોના ગુમ મોબાઇલ પોલીસે શોધી આપ્યા

ભુજ શહેરના બી ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં અલગ અલગ અરજદારોના ગુમ કે ચોરી થયેલા કૂલ ૨ લાખ ૨૮ હજાર રૂપિયાની કિંમતના 13 મોબાઈલ ફોન પોલીસે સીઈઆઈઆર પોર્ટલના માધ્યમથી સતત મોનીટરીંગ કરી શોધી લઇ અરજદારોને પરત કર્યા છે.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષ 2025 દરમિયાન બી ડીવીઝન પોલીસ મથકના અલગ અલગ વિસ્તારોમાંથી ગુમ થયેલા 10 લાખ રૂપિયાથી વધુની કિંમતના 58 મોબાઈલ પોલીસે શોધ્યા હતા.

---

## આયુષ્માન ભારત

**આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ પાત્રતા ધરાવતા પરિવારોને વ્યક્તિદીઠ વાર્ષિક ૧૦ લાખ રૂપિયાની આરોગ્ય સુવિધા નિઃશુલ્ક આપવામાં આવે છે ત્યારે તેનો મહત્તમ લાભ લેવા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેશ ભંડેરીએ અપીલ કરી છે.**

**(બાઈટ.... ડો. મિતેશ ભંડેરી)**

---

## મમુઆરાથી 3 કિ.મી. એપ્રોચ રોડ

**ભુજ તાલુકાના મમુઆરા ગામને જોડતા મહત્વના સાડા ત્રણ કિલોમીટર લાંબા એપ્રોચ રોડનું કામ શરૂ થતાં ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. આ રસ્તાની વાઈડનીંગ અને રીસર્ફેસીંગની કામગીરી માટે રાજ્ય સરકાર દ્વારા સાડા ચાર કરોડની માતબર રકમ મંજુર કરવામાં આવી હતી. આ મંજુર થયેલ માર્ગની કામગીરી માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ ભુજ દ્વારા શરૂ કરવામાં આવી છે.**

---

## ધાવડા નજીક અકસ્માત

**નખત્રાણાના વથાણમાં ટ્રક હડફેટે યુવાનના મૃત્યુ બાદ તાલુકાના ધાવડા તરફ જતા રોડ ઉપર બાઈક ચાલકને ટ્રકે હડફેટે લેતા ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું જ્યારે બાઈક પર સવાર યુવકની પત્નીનો બચાવ થયો હતો. અકસ્માત બાદ ટ્રક ચાલક સ્થળ પરથી નાસી ગયો હતો. નખત્રાણા પોલીસે બનાવ સબંધિત ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.**

---

## હવામાન

જીલ્લામાં છેલ્લા 2 દિવસથી ઠંડીનું જોર વધ્યું છે. નલિયામાં આ મોસમનું અત્યાર સુધીનું સૌથી ઓછું સાત ડિગ્રી સૅલ્સિયસ તાપમાન નોંધાયું હતું. પોષ માસ અડધો વીતવા પર છે તેવામાં કચ્છમાં દિવસભર ફૂંકાતા ઠંડા પવનને પગલે પ્રથમવાર શિયાળાનો અસલી મિજાજ જોવા મળી રહ્યો છે. જીલ્લાના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ બાદ ઉત્તર દિશાએથી સરેરાશ 10થી 15 કિલો મીટરની ગતિએ ફૂંકાતા આ વાયરાના કારને તેમજ મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રી આસપાસ રહેતાં દિવસે પણ ઠંડી અનુભવાઇ રહી છે.

-----------------------------------------------------------------------------------------